



સ્વાતંત્ર્ય પર્વની પુર્વ સંધ્યાએ શહેરમાં ત્રિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ ટાઉનહોલથી સાંજે ૫:૩૦ કલાકે ખુલ્લી જીપમાં રાષ્ટ્રધ્વજ સાથે બેન્ડની સુરાવલી અને દેશભકિતના ગીતોના ગુંજન વચ્ચે યાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. રાજકીય અગ્રણીઓ,અધિકારીઓ તેમજ નગરના અગ્રણીઓ અને સેવાભાવી સંસ્થાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યાત્રાને લીલીઝંડી આપવામાં આવી હતી. ત્રિરંગા યાત્રામાં સજાવાયેલા બે ટેબલો ઉપરાંત ૧૫૦ જેટલા બાઈકલચાલકો હાથમાં ત્રિરંગા સાથે જોડાયા હતા. જેમાં પોલીસ કર્મચારીઓ સાથે સિવિલ ડિફેન્સના જવાનો પણ સામેલ થયા હતા. વિવિધ શાળાના વિદ્યાર્થીઓ તેમજ મહીલાઓ પણ મોટી સંખ્યામાં ત્રિરંગા રેલીમાં જોડાઈ હતી.ઈંકલાબ જિન્દાબાદ,ભારત માતા કી જયના બેનર્સ સાથે નગરજનો પણ યાત્રામાં જોડાયા હતા. દેશભકિતના અનોખા માહોલ વચ્ચે યાત્રાનો પ્રારંભ થયો હતો નિયત અને ટુંકમાં રૂટમાં નિકળેલી યાત્રા રામકથા મેદાન પહોંચી હતી જયાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને દેશભકિતના ગીતો રજુ કરાયા હતા.

## સે-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે

સેકટર-૩-ન્યુ વસાહત મંડળ, નવરાત્રિ સમિતિ તથા નવદુર્ગા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫મી ઓગસ્ટના રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૩-ન્યુના બગીચા ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે. સેકટરના બાળકોમાં રહેલી આંતરિક શકિતઓને વિકસાવી શકાય તેવા આશયથી કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ પ્રસંગે તમામ વસાહતી ભાઈઓ-બહેનો તથા શહેરના નાગરિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આઝાદીનાં સીતેરમા વર્ષે હું કહીશ કે... આઝાદીનાં પહેલા વર્ષે જે ગરીબીનો પ્રશ્ન હતો તે આજે પણ છે...!! માટે ... પ્રજા તરીકે તમારે મને સાંભળવા કરતા... કામે લાગીને ગરીબી જાતે જ દૂર કરવાની જરૂર છે..!!

# ૧૯ પોલીસ અધિકારી-કર્મચારીને રાષ્ટ્રપતિ ચંદ્રક જાહેર

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓ પૈકી ૧૯ પોલીસ અધિકારી-કર્મચારીઓને ૧૫મી ઓગષ્ટ પ્રસંગે વિશિષ્ટ સેવા તથા પ્રસંશનીય સેવા બદલ રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રકથી સન્માનીત કરવામાં આવશે. ૧૯ પોલીસ અધિકારી-કર્મચારીની યાદીમાં ગાંધીનગર જિલ્લામાં એલઆઈબી શાખામાં ફરજ બજાવતા એએસઆઈ ભગવાનભાઈનો પણ સમાવેશ છે. તે ઉપરાંત હોમગાર્ડ દળના છ અધિકારીઓ-સભ્યોને પણ પ્રસંશનીય સેવાઓ બદલ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

વિશિષ્ટ સેવા અંગે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ પોલીસ મહાનિર્દેશક પીએસઆઈ બેન્ડ આર.એસ. પુનીયા, પોરબંદર એ.એસ.આઈ. જુનાગઢ એસઆરપી ગ્રુપ-૧૭ હે.કો. જમનભાઈ કણઝરીયા,







પ્રમોદકુમાર અને નાયબ પોલીસ અધિક્ષક, લુણાવાડા એસ.એ. ઝાલાને મળશે. તે ઉપરાંત પ્રસંશનીય સેવા અંગેના પોલીસ મેડલ સાબરમતી જેલ ઈન્સ્પેક્ટર જનરલ બી.એસ. જેબલીયા, એસઆરપી ગ્રુપ-૧૬, ભચાઉ ડીવાયએસપી વી.આર. યાદવ, વાયરલેસ ડીવાયએસપી એમ.એમ. ડામોર, એસઆરપી ગ્રુપ-૧૫ ઓએનજીસી મહેસાણા પીઆઈ પી.પી. મારૂ, જુનાગઢ પીએસઆઈ એમ.એસ. ગોહિલ, મહેસાણા ઓએનજીસી નાનાલાલ કે. મણવર, મહેસાણા એસઆરપી ગ્રુપ-૧૫ એએસઆઈ એસ.એમ. અનાવડીયા, અમરેલી એ.એસ.આઈ. વસંતરામ કે. મહેતા, પોલીસ અકાદમી કરાઈ એએસઆઈ દશરથભાઈ બી. સોલંકી, ગાંધીનગર જિલ્લાની એલઆઈબી શાખામાં ફરજ બજાવતા એએસઆઈ ભગવાનભાઈ વેલાભાઈ પરમાર, અમદાવાદ હે. કોન્સ્ટેબલ અફઝરહુસેન જે. સૈયદ, જામનગર હે. કોન્સ્ટેબલ અજીત દુબલ, નડીયાદ એસઆરપી ગ્રુપ-૭ હે.કો. ગુણવંતસિંહ રાઠોડ, ગાંધીનગર આઈબી કચેરીમાં આઈઓ ડી.એમ. અગ્રાવત અને જી.એસ. સૈનીનો સમાવેશ થાય છે. રાજ્ય પોલીસ વડા પૃથ્વીપાલ પાન્ડેયે રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

તે ઉપરાંત હોમગાર્ડ દળ, ગુજરાત રાજયના સભ્યો-અધિકારીઓ પૈકી છ ને પ્રશંસનીય

● અનુસંધાન પાના - ૭ પર

## માણસા ખાતે મંત્રીના હસ્તે જિલ્લાના ચાર પોલીસ જવાનોનું સન્માન

રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં એલઆઈબી શાખામાં ફરજ બજાવતા એએસઆઈ ભગવાનભાઈનું સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં માણસા ખાતે સન્માન કરાશે. તે ઉપરાંત મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે જિલ્લાના અન્ય ત્રણ પોલીસ જવાનોનું પણ સન્માન માણસા ખાતેના કાર્યક્રમમાં થનાર છે. પોલીસ વિભાગની કામગીરી સરળ અને અદ્યતન બનાવવા સોફટવેર ડેવલપ કરનાર ગાંધીનગર કોમ્પ્યુટર શાખામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ રતિલાલ તથા કેનાલમાં આત્મહત્યા કરવા કુદેલી વૃદ્ધાને જીવતી બચાવી લેનાર અડાલજ પોલીસ સ્ટેશનની પીસીઆરમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રામસીંગ લાલજીભાઈ અને મનુભાઈ વેલજીભાઈને પ્રસંસાપત્ર એનાયત કરીને સન્માનિત કરવામાં આવશે.

## ખૂણે ખાંચરેથી...

● પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના દેહાવસાનને લઈ ગાંધીનગરના હરિભક્તો આજે સાળંગપુર અંતિમ દર્શનાર્થે પહોંચ્યા હતા.

● વ્યસનામુકિતની અનોખી ઝુંબેશ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે ચલાવી હજારો લોકોને વ્યસનમુક્ત કર્યા હતા તેની યાદ આજે ત્રિરંગા યાત્રામાં કરાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં યોજાયેલી ત્રિરંગા યાત્રા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભે પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજનો શ્રદ્ધાંજલિ અર્પવા બે મિનિટનું મૌન પળાયુ હતુ.

● આજે ૧૫મી ઓગષ્ટના ધ્વજંવદન સમારોહ બાદ પંચાયત હસ્તકની તમામ શાળાઓમાં બે મિનિટનું મૌન પાળી બાળકોને પ્રિય એવા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને બાળકો પણ શ્રદ્ધાંજલિ અર્પશે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ અને શાસનાધિકારી ડૉ. નટવરસિંહ રાઠોડે જણાવ્યું છે.

● ગાંધીનગર શહેર આખામાં આજે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના દેહાવસાનને લઈ શોક છવાયેલો જોવા મળતો હતો.

● આજે ત્રિરંગાયાત્રાના સમાપન બાદ ઉપસ્થિત નગરજનોએ પ્રતિજ્ઞા દેશસેવાની લીધી હતી.

● ઊંઝા ઉમિયામાતા સંસ્થાન એ પણ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા છે.

